# ઇન્ડો અમેરિકન સિનિયર સિટિઝન સેન્ટર ઓફ ન્યુયોર્ક દ્વારા પ્રજાસત્તાક દિન ઉજવાયો

**ન્યુ યોર્કઃ** ઈન્ડો અમેરિકન સિનિયર સિટિઝન સેન્ટર અને વૈષ્ણવ ટેમ્પલ ઓફ ન્યુ યોર્કના સંયુક્ત ઉપક્રમે પ્રાર્થના હોલમાં ૨૫મી જાન્યુઆરી, રવિવારે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આશરે ૨૦૦ ભારતીયોએ હાજરી આપી હતી.

ભરતભાઈ પરીખની રાહબરી નીચે હેમાંગીબહેન શાહ અને ઈલાબહેન બુટાલા દ્વારા અમેરિકાના રાષ્ટ્રધ્વજ સાથે મૈત્રીના પ્રતિક તરીકે પરેડ યોજવામાં આવી હતી. ત્રિરંગા ધ્વજ સાથે મહેમાનો અને બાળકોએ પરેડમાં ભાગ લીધો હતો. 'કદમ કદમ મિલાયેજા, ખુશીકે ગીત ગાયેજા'ના બુલંદ અવાજોથી સભાખંડ ગાજી ઊઠ્યો હતો. પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી પરેડને વધાવી હતી. કીર્તિબહેન શુક્લએ અમેરિકાનું રાષ્ટ્રગીત રજૂ કર્યું હતું. સૌ પ્રેક્ષકોએ શિસ્તબદ્ધ સમૂહગાનમાં સાથ આપ્યો હતો.

સંસ્થાના પ્રમુખ કાન્તિભાઈ પટેલે સમારંભના પ્રમુખ ડો. અરવિંદભાઈ શાહનો પરિચય આપ્યો હતો અને પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કર્યું હતું. કાન્તિભાઈ પટેલે સંસ્થાની કાર્યવાહીથી સૌને માહિતગાર કર્યા હતા. મુખ્ય મહેમાન મુકુંદભાઈ મહેતાનો સંસ્થાના મંત્રી લક્ષ્મણભાઈ પટેલે પરિચય આપી પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. અતિથિવિશેષ અરવિંદભાઈ ધારિયાનો પરિચય આપી પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું.

ભરતભાઈ પરીખે મુખ્ય મહેમાન મુકુંદભાઈ મહેતાના હસ્તે ત્રિરંગો લહેરાવી વિધિવત્ ધ્વજવંદન કરાવ્યું હતું. રાષ્ટ્રધ્વજને શાનદાર સલામી આપવામાં



આવી હતી. વંદે માતરમ્, ઝંડા ગીત અને જન ગણ મન રાષ્ટ્રગીત, ભારતમાતા કી જય, વંદે માતરમ, શહીદો અમર રહો, મહાત્મા ગાંધીજીની જયના બુલંદ નારાઓથી સભાખંડ ગાજી ઊઠ્યો હતો.

ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપનાથી લઈને આઝાદીની ચળવળ ૧૯૪૭માં ૧૫મી ઓગસ્ટે આઝાદી મેળવી, ૧૯૪૮માં ભારતના પ્રથમ ગર્વનર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીને નીમવામાં આવ્યા, ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ ભારત પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરવામાં આવી, પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ, પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સુધીની વિગતવાર સુંદર માહિતી મુકુંદભાઈ મહેતાએ આપી હતી. તેમણે નરેન્દ્ર મોદી ભારતને દુનિયામાં અગ્રેસર દેશ બનાવશે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

વૈષ્ણવ ટેમ્પલના ચેરમેન અરવિંદભાઈ શાહે સિનિયર સિટીઝન સેન્ટરની પ્રવૃત્તિઓને બિરદાવી અને સુભગ સમન્વયથી કાર્ય કરવાની બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો. અતિથિવિશેષ અરવિંદભાઈ ધારિયા અને ડો. હરીશભાઈ શુક્લએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું હતું.

કીર્તિબહેન શુક્લએ રાષ્ટ્રભક્તિ ગીત 'યે મેરે વતન કે લોગો' સુંદર રીતે રજૂ કર્યું હતું. શિલ્પાબહેન મીઠાઈવાલા દ્વારા બાળકોએ દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા. લીના પરીખ દ્વારા મંજરી પરીખે 'સુનો ગોરસે દુનિયાવાલો બુરી નજર ન હમ પર ડાલો' સુંદર અભિનયગીત રજૂ કર્યું હતું.

સિનિયર સિટીઝન બહેનો રવિબાળાબહેન મેવાડા, હેમાંગીબહેન શાહ અને ઈલાબહેન બુટાલા દ્વારા 'સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ' ગીત રજૂ કરાયું હતું.

નવ બાળકો દ્વારા વૈશાલીબહેન અને વૈષ્ણવ ટેમ્પલના પ્રમુખ સેતુભાઈ શાહ દ્વારા ક્વીઝનો સુંદર પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં કેજરીવાલ, મનમોહનસિંહ, સોનિયા ગાંધી, કિરણ બેદી, નરેન્દ્ર મોદી અને બરાક ઓબામાના મહોરાં પહેરાવી બાળ પ્રેસ રિપોર્ટર દ્વારા વર્તમાન પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. જેમાંથી બાળકોને ઘણું જાણવા મળ્યું હતું અને સૌને નવતર પ્રયોગનાં દર્શન થયા હતા.

લક્ષ્મણભાઈ પટેલ દ્વારા મુખ્ય મહેમાનોનો, સંસ્થાને દાન આપનાર સૌ દાતાઓનો, પ્રોગ્રામના કોરિયાગ્રાફર અને પ્રોગ્રામમાં ભાગ લેનાર સૌનો, સભાનું સંચાલન કરવા બદલ સેતુભાઈ શાહનો અને પ્રોગ્રામમાં હાજર રહેવા બદલ સૌનો આભાર માનવામાં આવ્યો હતો. અંતમાં નાસ્તાને ન્યાય આપી પ્રોગ્રામ સંપન્ન થયો હતો.

*(સૌજન્યઃ લક્ષ્મણભાઈ પટેલ, ફોટોઃ સુરેશભાઈ ઉદ્દેશી)*

# ઇન્ડિયન એસોસિયેશન ઓફ સેન્ટ લૂઇસ દ્વારા પ્રજાસત્તાક દિન ઉજવાયો

**ન્યુયોર્કઃ** ઈન્ડિયા એસોસિયેશન ઓફ સેન્ટ લૂઈસ દ્વારા ૨૪મી જાન્યુઆરીએ ભારતના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ હતી. બાળકો દ્વારા અમેરિકાના અને ભારતના રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યા હતા અને રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. એસોસિયેશનના પ્રેસિડન્ટ સરથ રાવે સ્વાગત પ્રવચન સાથે ઉજવણીની શરૂઆત કરી હતી. હિન્દુ ટેમ્પલ ઓફ સેન્ટ લૂઈસના ચેર અને આજીવન સભ્ય ડો. શરદ પરીખે ચાવીરૂપ પ્રવચન આપ્યું હતું. સેક્રેટરી શૈલી સરન વારાણસી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ઈન્ડિયન એસોસિયેશન ઓફ સેન્ટ લૂઈસના નવ બોર્ડ સભ્યો છે જેઓ પ્રજાસત્તાક અને સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અને સાંસ્કૃતિક






કાર્યક્રમોનું આયોજન કરે છે. આ પ્રસંગે સેન્ટ લૂઈસ મેટ્રોપોલિટન અને આસપાસના વિસ્તારોના દસ હજારથી વધુ ભારતીયો ઉપસ્થિત રહ્યા હતા.

બોર્ડ ઓફ ઈન્ડિયા એસોસિયેશનમાં પ્રેસિડન્ટ સરથ રાવ, ચૂંટાયેલા પ્રેસિડન્ટ મીરા જૈન, સેક્રેટરી શૈલી સરન વારાણસી, ટ્રેઝરર વિજયાલક્ષ્મી બુદ્ધિરાજુ, કલ્ચરલ સેક્રેટરી ગાયત્રી ચિન્ટાકુન્ટા અને ડો. સ્મિતા પરીખ, ઈમિડિયેટ પાસ્ટ પ્રેસિડન્ટ સેન્ડીલ રાથીનાસાભાપતિ, સિનિયર ગવર્નિંગ બોર્ડ મેમ્બર વિજયા કુમાર બુદ્ધિરાજુ અને પબ્લિકેશન્સ એન્ડ વેબસાઈટ કો-ઓર્ડિનેટર કૃષ્ણા રાવ મોહારિરનો સમાવેશ થાય છે.

*(સૌજન્યઃ અશ્વિન પટેલ)*

# કેનેડામાં ભારતના ૬૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરતું નટરાજ યુથ કલ્ચરલ ગ્રુપ




કેનેડામાં નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન છેલ્લા પાંચ વર્ષથી પ્રજાસત્તાક દિન અને સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ગુજરાતને લગતી પ્રતિકૃતિ રજૂ કરે છે અને બીજી ઓકટોબરે અહિંસક દિન પણ ઉજવે છે. આ વર્ષે ભારતના ૬૬મા પ્રજાસત્તાક દિન પ્રસંગે પિયર્સન કન્વેન્શન સેન્ટરમાં 'રિપ્રેઝન્ટ ગુજરાત'ની ઉજવણી થઈ હતી. નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન દ્વારા પેનોરમા ઈન્ડિયામાં ગુજરાતની રજૂઆત થઈ હતી. સંસ્થા દ્વારા કળાત્મક પરંપરાગત તોરણો અને છકડા સાથે ડેકોરેટ કરી પરંપરાગત ઝૂંપડી ઉભી કરાઈ હતી. સંસ્થાના પ્રેસિડન્ટ ચિંતન ભાવસારના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક વર્ષોથી સંસ્થાએ પેનોરમા ઈન્ડિયા, ચિન્મય મિશન અને ઘણા અન્ય સાંસ્કૃતિક સંગઠનો સાથે સંબંધો પ્રસ્થાપિત કર્યા છે. તસવીરમાં સંસ્થાના હોદ્દેદારો સાથે કેનેડાસ્થિત ભારતીય કોન્સલ જનરલ અખિલેશ મિશ્રા પણ નજરે પડે છે.

# પ્રજાસત્તાક દિનની અનોખી ઉજવણી કરતું ઇન્ડો-અમેરિકન એસોસિયેશન ગ્રુપ



અમેરિકાના કેલિફોર્નિયાના લોસ એન્જલસના ઈન્ડો-અમેરિકન સિનિયર એસોસિયેશન ગુજરાતી ગ્રુપે પ્રમુખ પ્રવીણચંદ્ર મહેતાની આગેવાની હેઠળ અનોખી રીતે ભારતનો ૬૬મો પ્રજાસત્તાક દિન ઊજવ્યો હતો. પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રવાસમાં લગભગ ૪૦ જેટલાં ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ બસમાં બધા સભ્યો સાન-બર્નાડિનો વેલિના હાઈલેન્ડ પહોંચ્યા હતા. આ બસમાં પ્રવાસ દરમિંયાન જાણીતાં લેખિકા અને કવયિત્રી ગીતાબહેન ભટ્ટે આપણા સમાજમાં કન્યાઓ (દીકરીઓ)નું સ્થાન અને મહત્ત્વ અંગે આપણા પૌરાણિક (રામાયણ અને મહાભારત) દાખલા આપીને અગત્ય સમજાવી હતી. હર્ષદ દવેએ જોક્સ અને મિમિક્રીનો પ્રોગ્રામ રજૂ કરીને તમામ ભાઈ-બહેનોનું મનોરંજન કર્યું હતું. પ્રમુખ પ્રવીણચંદ્ર મહેતાએ પણ આપણા અન્ય ધાર્મિક ગ્રંથોને ટાંકીને ગીતાબહેન ભટ્ટની દીકરીઓની વાતને સમર્થન આપ્યું હતું. *(માહિતીસૌજન્યઃ સુભાષભાઈ ભટ્ટ અને ફોટોસૌજન્યઃ કાન્તિભાઈ મિસ્ત્રી, કેલિફોર્નિયા)*